




## અરવલ્લી જિલ્લામાં સુપ્રીમ કોર્ટના એટ્રોસિટી એક્ટ બદલાવ વિરુદ્ધ ભારત બંધમાં મિશ્ર પ્રતિસાદ

સુપ્રીમ કોર્ટ તરફથી એસસી-એસટી એક્ટમાં બદલાવ કરવાની સામે સોમવારે દલિત સંગઠનોએ ભારત બંધનું એલાન આપ્યું હતું. જેને અરવલ્લી જીલ્લામાં કેટલાક સંગઠનોએ અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જન જાતિએ ટેકો જાહેર કર્યો હતો. જેને પગલે જીલ્લામાં દલિત સમાજના આપેલા બંધના એલાનને મિશ્ર પ્રતિસાદ સાંપડ્યો હતો. જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં એસસી-એસટી સમાજના યુવાનો અને અગ્રણીઓ બંધ કરવા રસ્તા પર ઉતરી વેપારીઓને ગુલાબના ફૂલ આપી બજાર બંધ કારવ્યું હતું. ભિલોડામાં, શામળાજી, માલપુરમાં સજ્જડ બંધ રહ્યું હતું. બાયડ, ધનસુરા અને મેઘરજમાં બંધને મિશ્રપ્રતિસાદ મળ્યો હતો. અરવલ્લી જીલ્લા પોલીસે બંધના એલાન દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો. સોમવારે જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં મોડાસા ટાઉનહોલ ખાતે મોટી સંખ્યામાં અનુસૂચિત જાતિ-જનજાતિ સમાજના યુવાનો અને અગ્રણીઓ એકઠા થઈ ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને ફુલહાર પહેરાવી જય ભીમના નારા સાથે સુપ્રીમકોર્ટના નિર્ણય વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી મોડાસા શહેરના બજારો ગુલાબના ફૂલ આપી બંધ કરાવ્યા હતા. વેપારીઓએ પણ અનુસૂચિત જાતિ બંધના એલાનમાં સહકાર આપી દુકાનો બંધ કરી ૨ કલાક પછી બજારો રાબેતા મુજબ ચાલુ થતા બંધને આંશિક સફળતા મળી હતી. જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી સુપ્રીમ કોર્ટના નિર્ણય સામે રીવ્યુ પિટિશન દાખલ કરવાની માંગ કરી હતી. ભિલોડામાં જીલ્લા કોંગ્રેસ પ્રમુખ રાજેન્દ્ર પારઘી, ધારાસભ્ય ડૉ. અનિલ જોષીયારા સહીત કોંગ્રેસી અગ્રણીઓ અને અનુસૂચિત જાતિના યુવા અગ્રણી નવીન પ્રણામી અને તેમની ટીમે ભિલોડાને સજ્જડ બંધ કરાવ્યું હતું અને મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. માલપુરમાં લાલજી ભગત અને અનુસૂચિત જાતિ સમાજ દ્વારા માલપુરને સજ્જડ બંધ કરાવ્યું હતું. મેઘરજ, બાયડ, ધનસુરામાં ભારત બંધના એલાનના પગલે મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો. જીલ્લાના અનુસૂચિત જાતિ અને જનજાતિના લોકોમાં સુપ્રીમ કોર્ટના નિર્ણયનો ઉગ્ર વિરોધ પ્રદર્શિત કર્યો હતો.





સાબરકાંઠા જીલ્લામાં સોમવારે દલીત અને આદીવાસી સમાજ દ્વારા જાહેર કરાયેલા બંધના એલાનને પગલે મિશ્ર પ્રત્યાઘાત વર્તાયો હતો. સાબરકાંઠા જીલ્લાના ઈડર વડાલી ખેડબ્રહ્મા અને પ્રાંતિજ મોટાભાગે બંધની સ્થિતિમાં રહ્યા હતા જ્યારે હિંમતનગરમાં આંશિક અસર વર્તાઇ હતી. હિંમતનગર શહેરમાં દલીત સમાજ દ્વારા આંબેડકર સર્કલથી રેલી નિકાળી આવેદન પત્ર જીલ્લા કલેકટરને પાઠવાયુ હતુ. જીલ્લામાં સોમવારે દલીત અને આદીવાસી સમાજ દ્વારા જાહેર કરાયેલા બંધનુ એલાનને પગલે મિશ્ર પ્રત્યાઘાત સાંપડ્યો હતો. જીલ્લાના ઈડર અને વડાલી, ખેડબ્રહ્મા અને પ્રાંતિજમાં બંધની અસર મોટે ભાગે રહી હતી, જ્યારે હિંમતનગર શહેરમાં બંધની અસર આંશિક રુપે વર્તાઇ હતી. હિમતનગર શહેરના આંબેડકર સર્કલે દલીત સમાજ જીલ્લાભરમાંથી મોટા પ્રમાણમાં એકઠો થઈને રેલી સ્વરુપે જીલ્લા કલેકટર કચેરી પહોંચ્યા હતા અને જ્યાં તેઓએ કલેકટરને આવેદનપત્ર આપ્યુ હતુ અને દલીત અને આદીવાસીઓના સામાજીક રક્ષણના કાયદાના સુધારાનો વિરોધ વ્યક્ત કર્યો હતો. સાબરકાંઠાના ઈડર-વડાલી સ્ટેટ હાઈવે પર ટાયરો સળગાવીને વિરોધ કરી હાઈવેને કેટલાંક સમય સુધી ચક્કાજામ પણ કરી દઈને વિરોધ નોંધાવાયો હતો.

# ધાનેરા સજ્જડ બંધ, દલિતો દ્વારા હાઈવે પર ટાયરો સળગાવી ચક્કાજામ

ધાનેરામાં દલિત સમાજના લોકો રસ્તા ઉપર ઉતરી આવ્યા હતા અને બજાર બંધ કરાવી ગુજરાત રાજેસ્થાનને જોડતા હાઈવે ઉપર ટાયરો સળગાવી ચક્કાજામ કર્યું હતું.

ગુજરાત અને ભારતમાં વિવિધ આંદોલન થઈ રહ્યા છે અને નિર્દોષ લોકોને વિવિધ આંદોલનનો ભોગ બનવું પડે છે પહેલા પાટીદાર આંદોલન તે બાદ ઉના કાંડમાં દલિત આંદોલન. દારૂબંધી માટે ઠાકોર સેનાએ આંદોલન કર્યા અને તે બાદ આજે ફરીથી સુપ્રીમ કોર્ટ દ્વારા કરેલા નિર્ણય થઈ દલિતોમાં ભારે નારાજગી જીવ માલી રહી છે અને ગુજરાત સહિત અન્ય રાજ્યોમાં પણ દલિતો ભારે આંદોલન કરી રહ્યા છે ત્યારે બનાસકાંઠા જિલ્લાના ધાનેરા વહેલી સવારે મોટી સંખ્યા દલિત અગ્રણીઓએ ને યુવાનો ધાનેરાના લાલ ચોક ખાતે ભેગા થયા હતા અને વિશાલ રેલી યોજી ધાનેરા બંધ કરવું હતું તે બાદ ગુજરાત રાજસ્થાન હાઈવે ઉપર ટાયરો સળગાવી ચક્કાજામ કર્યું હતું. હાઈવે રસ્તા ઉપર ચક્કાજામ થતા વાહનોની લાંબી લાઈનો લાગી હતી વિફરેલા દલિતો બસ સળગાવે તે પગેલા જ તંત્રએ તમામ બસો બંધ કરી દીધી હતી. ધાનેરામાં દલિતોએ વિશાલ રેલી યોજી આવેદનપત્ર આપ્યું હતું અને સરકાર સમક્ષ માંગણી કરી હતી કે જે અક્ટ્રોસિટીના કાયદાને નબળો બનાવ્યો છે તેને અમે લોકો વિરોધ કરીએ છીએ અને જો આ બાબત કોઈ તટસ્થ કાર્યવાહી ન કરવામાં આવી તો આવનારા સમયમાં આના કરતાં પણ વધુ ઉગ્ર આંદોલન થશે.





# ડીસા નજીક વીજ કરંટથી લકઝરી બસના ક્લીનરનું કરુણ મોત

ડીસા, તા. ૨

બનાસકાંઠાના ડીસા નજીક આવેલા ભોયણ પાસે લક્ઝરી બસના ક્લીનરનું વીજકરંટથી કરુણ મોત નીપજતા અરેરાટી મચી ગઈ છે. ખાનગી લકઝરી બસનો ક્લીનર બસને રોડની સાઈડમાં થોભાવી સફાઈ કરી રહ્યો હતો તે દરમ્યાન બસની ઉપરથી પસાર થઈ રહેલી હેવી વીજ લાઈનનો વાયર લોખંડની બસને સ્પર્શી જતા વીજ કરંટનો ભોગ બનેલા ક્લીનરે ઘટના સ્થળે જ દમ તોડી દીધો હતો. પ્રાપ્ત માહિતી મુજબ સિદ્ધપુર તાલુકાના કાકોશી ગામનો ૩૦ વર્ષીય યુનુશ બેલીમ માન ટ્રાવેલ્સ કંપનીની ખાનગી લકઝરી બસમાં ક્લીનર તરીકે કામ કરતો સિદ્ધપુર તસલૂકના કાકોશી ગામનો યુનુસ બેલીમ નામનો ૩૦ વર્ષીય યુવક ગત રોજ ડીસા તાલુકાના ભોયણ ગામ નજીક બસને પાર્ક કરી બસની સફાઈ કરી રહ્યો હતો.

એ વખતે બસની ઉપરથી પસાર થઈ રહેલી ભારે વીજ લાઈનનો વાયર પવનના કારણે લક્ઝરી બસના કઠેડાના સંપર્કમાં આવી જતા બસના ક્લીનર યુનુસ બેલીમને વીજ કરંટ લાગતા ગંભીર રીતે દાઝી ગયેલા આ ક્લીનરનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આ ઘટના બનતા આસપાસના લોકો પણ ઘટનાસ્થળે દોડી ગયા હતા.બનાવની જાણ થતાં પોલીસની ટીમે પણ ઘટનાસ્થળે પહોંચી મૃતક ક્લીનરના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી હતી..ગયું હતું.વીજ કરંટની આ વિચિત્ર ઘટનાથી અરેરાટી મચી ગઈ છે.





## એટ્રોસીટીમાં થયેલ ફેરફાર બદલે દલિત સમાજમાં આક્રોશ

બનાસકાંઠા જિલ્લાના ડીસા શહેરમાં તાજેતરમાં સુપ્રીમકોર્ટે એટ્રોસિટીના ગુનો જામીનપાત્ર કરી ઈન્ડિયન પીનલ એક્ટની કલમમાં ફેરફાર કરેલો જેને દલિત સમાજ અન્યાયથી ગણી વિરોધ રજૂ કર્યું છે. ત્યારે ડીસા શહેરમાં પણ દલિત સમાજમાં ઉગ્ર આક્રોશ જોવા મળ્યો હતો. ડીસા શહેરના બગીચા વિસ્તારમાં દલિત સમાજ દ્વારા લોકો એકઠા થઈ રેલી કાઢી હતી. ત્યારબાદ ડીસામાં આવેદનપત્ર આપી પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો. જોકે દલિત સમાજ દ્વારા ડીસા શહેરમાં હાઈવે પર ટાયરો સળગાવી પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો. આ બાબતે ડીસા પોલીસ પણ ચાંપતો બંદોબસ્ત ગોઠવાઈ ગયો હતો. આ ઘટના દરમિયાન કોઈપણ અનિચ્છીય બનાવ બન્યો ન હતો.

# પ્રાંતિજમાં ભારત બંધના એલાનને મિશ્ર પ્રતિસાદ

### સુપ્રિમ કોર્ટે અટ્રોસીટી એક્ટ ૧૯૮૯ અંગે આપેલ નિર્ણય વિરૂદ્ધ દલિત સમાજનો આક્રોશ : દલિત સમાજ દ્વારા રેલી યોજી મામલતદારને આવેદનપત્ર આપ્યું

પ્રાંતિજ, તા. ૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે દલિત સમાજ દ્વારા આપવામાં આવેલ બંધને મિશ્ર પ્રતિસાદ મળતા રેલી યોજી પ્રાંતિજ મામલતદારને આવેદનપત્ર આપ્યુ હતુ.

સુપ્રિમ કોર્ટ દ્વારા એટ્રોસીટી એકટ ૧૯૮૯ અંગે આપેલ ગેર બંધારણીય નિર્ણય વિરૂધ્ધ સમસ્ત દલિત સમાજ દ્વારા નારાજગી વ્યક્ત કરી પ્રાંતિજ બંધનું એલાન આપ્યું હતું. બીજી બાજુ બંધને લઈને પ્રાંતિજમાં મિશ્ર પ્રતિસાદ જોવા મલ્યો હતો. અડધું સહિતનું બજાર ખુલ્લુ જોવા મલ્યુ હતું. દલીત સમાજના આગેવાનો કાર્યકરો દ્વારા પ્રાંતિજ બજારના વેપારીઓને પ્રેમથી સહકાર આપવા જણાવ્યું હતું. પ્રાંતિજ ભાંખરીયા બસ સ્ટેશનથી તાલુકા સેવાસદન સુધી રેલીયોજી રેલીમાં સુત્રોચ્ચાર કરી પ્રાંતિજ મામલતદાર પટ્ટીને આવેદનપત્ર આપીને સરકાર સુધી તેમની રજુઆત માર્ગ પહોચાડવા રજુઆતો કરી હતી તો આ પ્રસંગે સમાજ અગ્રણીય આર.કે. ચૌહાણ, અરવિંદભાઈ પરમાર, ભરતભાઈ સોલંકી, રેખાબેન, ભીખાભાઈ વાણીયા, નટુભાઈ બારોટ સહિત ઉપસ્થિત દલિત સમાજના ભાઈઓ ઉપસ્થિત રહીને આવેદનપત્ર આપ્યું હતું.




# કાંકરેજ તાલુકાના એસસી, એસટીના ભાઈઓએ મામલતદારને આવેદનપત્ર આપ્યુ

કાંકરેજ તાલુકાના એસસી, એસટીના આગેવાનો પ્રવિણકુમાર મધાભાઈ પરમાર, જીવણભાઈ, મંગાભાઈ પરસોત્તમભાઈ, ગંગારામભાઈ (એડવોકેટ), મહેશભાઈ (નોટરી), વિરચંદ ત્રિકમભાઈ, કરશનભાઈ (માનપુર), અરવિંદભાઈ, ખેમાભાઈ (થરા), રમીલાબેન, મધાભાઈ (સામાજીક અગ્રણી) સહિતના લોકોએ થરા રામદેવપીર મંદિરથી થરા નગરપાલિકા સુધી મૌન રેલી યોજી સુપ્રિમકોર્ટ વિરુદ્ધ રોષ વ્યક્ત કર્યો હતો અને ત્યારબાદ શિહોરી ખાતે કાંકરેજ મામલતદાર સજ્જનસિંહ ચૌહાણને આવેદનપત્ર પાઠવ્યુ હતુ. જે મામલતદારે સ્વીકારી સરકારમાં મોકલી આપવા ખાતરી આપી હતી. આમ સુપ્રિમકોર્ટે એક્ટ ૧૯૮૯ની કલમમાં કરેલા સુધારાના વિરૂદ્ધમાં આવેદનપત્ર આપી રોષ વ્યક્ત કર્યો હતો અને એડવોકેટ ઓફ નોટરી મહેશ મકવાણાએ સુપ્રિમ કોર્ટના આ ચુકાદાને ગેરલાયક ઠેરવ્યો હતો અને આવો નિર્ણય એ પાર્લામેન્ટરી બોર્ડને લેવાનો હોય છે જે સુપ્રિમ કોર્ટે લીધો છે. આમ કાંકેરજના એસસી, એસટીના લોકોએ મૌન રેલી યોજી સુપ્રિમ કોર્ટ ઉપર રોષ વ્યક્ત કર્યો હતો અને સરકાર પાસે ન્યાય માટે આવેદન પાઠવ્યુ હતુ.



# પાલનપુરમાં બંધના એલાનને નબળો પ્રતિસાદ

બનાસકાંઠામાં એસ. સી.એસ.ટી. એકટ મામલે આજે પાલનપુર થરાદ ડીસા ધાનેરા દિયોદરમાં દલિત સમાજે રેલી યોજી સુપ્રીમના નિર્ણયનો વિરોધ કર્યો હતો. ભારત બંધના એલાનના પગલે જિલ્લાના તાલુકા મથકો પર દલિતોએ વિરોધ દર્શાવ્યો. જોકે જિલ્લામાં વિરોધ પ્રદર્શન મામલે પોલીસ કાફલો ખડકાયો ડી વાય એસ પી સહિતનો પોલીસ કાફલો જિલ્લાની પરિસ્થિતિને અંકુશમાં લેવા તૈનાત કરાયો હતો હતો. ત્યારે પાલનપુરમા વિરોધ કરી અને જબરદસ્તીથી દુકાનો બંધ કરાવી રહેલા દલિતો પર પોલિસે આછો પાતલો બલ પ્રયોગ કર્યો હતો પાલનપુર મા પોલીસે પ જેટલા દલિત કાર્યકરો ની અટકાયત કરી હતી.જોકે ભારત બંધ ના પગલે એસ ટી ના રૂટ સ્થગિત કરાયા હતા જે બપોર બાદ કાર્યરત થયા હતા.

